ફોજદારી કેસ નં.૨૩૨/૨૦૧૬

<u>–: આંક–૧ લગત હુકમ :–</u>

(૧) આજ રોજ કેસ રેકર્ડને ધ્યાને લીતાં, આરોપી વિરૂદ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

(૨) ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટીના પત્ર નં. ૧૯૩/૨૦૧૭, તા.૨૦/૦૧/૨૦૧૭ ના પરિપત્ર દ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

## <u>કલમ–૨૫૮, કેટલાક કેસોમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.</u>

ફરિયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા જ્યુડીશયલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરીથી અન્ય કોઈ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈ પણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ છોડી મૂક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકાશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકાશે તથા આવા છૂટકારાથી બિનતહોમત મુક્ત કરવામાં આવે તેવી, અસર થશે.

(૩) આમ, આ કલમ વંચાણે લેતા સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતે ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈ પણ તબક્કે કાર્યવાહી બંધ રાખવામાં આવે તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુક્ત કરવા જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકાશે અને આવા છુટકારાથી બિન–તહોમત મુક્ત કરવામાં આવે, તેવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદોનો પુરાવો લેવાયો ન હોય તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચાલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહીં. વધુમાં આ કલમની અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

(૪) આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુન્હાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતા આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ છે/નથી. એવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયકદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–૦ હુકમ ૦–**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયા બાદ કિંમતી મુદ્દામાલ સંબંધે અલગથી ઈન્કવાયરી કરવી અને બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો. અગાઉ થયેલ મુદ્દામાલનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

અમદાવાદ
તારીખઃ–૦૯/૦૩/૨૦૧૯

(એચ.એન. દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
(**GJ** 00738)